TORONTO

Geoff Rathbone
General Manager

Richard Butts, Deputy City Manager

Solid Waste Management Services
25th Floor, East Tower
City Hall, 100 Queen St. W.
Toronto ON  M5H 2N2

Tel: (416) 338-2010
E-mail: accesstoronto@toronto.ca

## નવો સિટી બાય-લો - પ્લાસ્ટિક રીટેલ શોપિંગ બેગ

સિટી ઓફ ટોરાન્ટોનો લક્ષ્ય છે – લેન્ડફિલથી 70% કચરો દૂર રાખવું. પ્લાસ્ટિક બેગની સંખ્યા ઘટાડવા અને રીયૂસેબલ બેગ/બિનની વપરાશને પ્રોત્સાહિત કરવા, સિટી ઓફ ટોરાન્ટોના રીટેલર્સને જુન 1, 2009 થી શરૂ કરીને ચેકઆઉટ પર ઘરાક વ્દારા માગેલા દરેક પ્લાસ્ટિક બેગ ઉપર ઓછામાં ઓછા 5 સેન્ટ વસૂલ કરવા પડશે. આ જરૂરિયાતો સિટીના નવા **મ્યૂનિસિપલ કોડ ચેપ્ટર 604, પેકેજિંગ બાય-લો** માં વર્ણિત છે અને ટોરાન્ટો સિટી કાઉન્સિલે માર્ચ 31, 2009ની મીટિંગમાં એને મંજૂરી આપેલી. આ સ્વીકૃત બાય-લો સિટીની વેબ-સાઇટ http://www.toronto.ca/legdocs/bylaws/2009/law0356.pdf પર વાંચી શકાય છે.

**મહત્વપૂર્ણ : જો કે તમે હેડ ઓફિસના પ્રતિનિધિ હો, તો મહેરબાની કરીને આ માહિતી પેકેજ તમારા બધા રીટેલ દુકાનદારોને મોકળો. જો તમે રીટેલ ધંધામાં નથી, તો આ પેકેજ ભૂલી જાઓ.**

**ટોરાન્ટોના રીટેલર્સ પર આ બાય-લો એવી રીતે અસર કરશે:**
**જૂન 1, 2009 થી પ્રભાવી :**

- પોતાની ખરીદી વહન કરવા ઘરાક વ્દારા માગેલા દરેક પ્લાસ્ટિક બેગ ઉપર ઓછામાં ઓછા 5 સેન્ટ વસૂલ કરવા પડશે; અથવા, જો પ્લાસ્ટિક રીટેલ શોપિંગ બેગ ન મળતા હોય તો રીટેલર્સને અન્ય વિકલ્પો (જેમ કે, પેપર બેગ, કાર્ડબોર્ડ) મફત આપવા પડશે.
- આગળ પડતું સાઇન, ચેકઆઉટ ઉપર જાહેર કરવું પડશે જેથી ઘરાકને માહિતી મળે કે સિટીની જરૂરિયાતો પ્રમાણે વેચાણની જગ્યા પર ઘરાકો વ્દારા માગેલા દરેક પ્લાસ્ટિક બેગ માટે કિંમત આપવી પડશે.
- પ્લાસ્ટિક રીટેલ શોપિંગ બેગની કિંમત, ઘરાક વ્દારા વાપરેલા બેગોની સંખ્યા અને કુલ કિંમત, પાવતી ઉપર રજૂ કરવી પડશે (જો એક આપવામાં આવતી હોય તો).
- પ્લાસ્ટિક રીટેલ શોપિંગ બેગના બદલે ઘરાક વ્દારા પોતાની ખરીદી વહન કરવા, સાથે લાવેલા કોઇપણ રીયૂસેબલ પાત્ર (જેમ કે કાપડના બેગ, બિન, બોક્સ) સ્વીકાર કરવા પડશે.

પ્લાસ્ટિક બેગની વસૂલ કરેલી રકમ, રીટેલર્સને પોતાની પાસેજ રાખવાનો હક છે, તે સિટી ઓફ ટોરાન્ટોને મોકળવાની ગરજ નહીં. જો કે સિટીની કોઇ શરત નથી કે રીટેલર્સ આ રકમનો ઉપયોગ કેવી રીતે કરે, પણ સિટી આ રકમનો ઉપયોગ સ્થાનિક વાતાવરણ અથવા સમાજ-આધારિત પહેલ-વૃત્તિઓમાં કરવાનો સમર્થન કરે છે.

સિટી ઓફ ટોરાન્ટાએ ત્રણ જુદા જુદા આકૃતિના સરકારી સાઇન રજૂ કરેલા છે (પોસ્ટકાર્ડ 3.5 ઇંચ પનાદાર અને 6.75 ઇંચ ઊંચું; સ્ટીકર – 4X5 ઇંચ; પોસ્ટર 8.5X11 ઇંચ), જે રીટેલર્સને મફત ઉપલબ્ધ છે. બે પોસ્ટકાર્ડ સાઇન તમારા પેકેજમાં શામેલ છે. દરેક આકૃતિના વધારાના સાઇન સિટીના નિમ્નલિખિત જગ્યાઓથી મળી શકે અને કદાચ તમારી ઉદ્યોગ સંસ્થાથી, જો તમે એના સભ્ય હો તો. આ સાઇનની છાપ લાયક ગ્રાફિક ફાઇલો પણ સિટીની વેબ-સાઇટ www.toronto.ca/5centbag પર ઉપલબ્ધ છે અને રીટેલર્સ ડાઉનલોડ કરીને જરૂરિયાત પ્રમાણે છાપી શકે છે.

(વધુ)

**વધારાની સાઇન મેળવવાની સિટીની જગ્યાઓ (લોબીમાં ઇનફરમેશન ડેસ્ક ઉપર)**

- ટોરાન્ટો સિટી હોલ, 100 ક્વીન સ્ટ્રીટ વેસ્ટ, મેન ફ્લોર, સોમવાર–શુક્રવાર 8:30 સવાર–4:30 સાંજ
- સ્કારબરો સિવિક સેન્ટર, 150 બરો ડ્રાઇવ, મેન ફ્લોર, સોમવાર–શુક્રવાર 8:30 સવાર–4:30 સાંજ
- નોર્થ યોર્ક સિવિક સેન્ટર, 5100 યંગ સ્ટ્રીટ, મેન ફ્લોર, સોમવાર–શુક્રવાર 8:30 સવાર–4:30 સાંજ
- ઇસ્ટ યોર્ક સિવિક સેન્ટર, 850 કોક્સવેલ એવન્યૂ, મેન ફ્લોર, સોમવાર–શુક્રવાર 8:30 સવાર–4:30 સાંજ
- ઇટોબિકોક સિવિક સેન્ટર, 399 ધી વેસ્ટ મોલ, મેન ફ્લોર, સોમવાર–શુક્રવાર 8:30 સવાર–4:30 સાંજ

**ચેકઆઉટ ઉપર આગળ પડતી જગ્યા પર સાઇન જાહેર કરો, જે ઘરાકને સહેલાઇથી દેખાઇ શકે.**

જે રીટેલર્સ પોતાના સાઇન વાપરે, તો સિટી પ્રમાણે ઓછામાં ઓછું એક સાઇન આગળ પડતી જગ્યા પર તમારા સ્ટોરની અંદર જાહેર કરો, જેના ઉપર બાય-લોનું પુરૂં નામ **ધી સિટી ઓફ ટોરાન્ટો મ્યૂનિસિપલ કોડ ચેપ્ટર 604, પેકેજિંગ** લખેલું હોય

**બાય-લોમાં આ પણ સમાવિષ્ટ છે (ચેપ્ટર 604 નો સેક્શન 4), જૂન 1, 2010 થી પ્રભાવમાં :**

- રીટેલર્સને એવા પ્લાસ્ટિક બેગ ઘરાકોને આપવાની બંધી છે જે ટોરાન્ટોના રીસાઇકલિંગ પ્રોગ્રામના પરસ્પર વિરોધી છે (જેમ કે, બાયોડિગ્રેડેબલ પ્લાસ્ટિક બેગ, કમ્પોસ્ટ કરવા લાયક પ્લાસ્ટિક બેગ, અથવા એવા પ્લાસ્ટિક બેગ જેના ઉપર ધાતુ, અથવા કાપ-કામ, દોર અથવા સખત પ્લાસ્ટિક હેન્ડલ હોય).

સિટીના મ્યૂનિસિપલ લાયસેન્સિંગ એન્ડ સ્ટેન્ડર્ડ્સ ડિવિઝનને નિમણૂક કર્મચારીઓ આ બાય-લોના શિક્ષણ અને અમલ માટે જવાબદાર છે.

જો તમને વધારાની માહિતી જોઇતી હોય, તો મહેરબાની કરી સિટીની વેબ-સાઇટ www.toronto.ca/5centbag જુઓ. આ વેબ-સાઇટમાં પ્રશ્ન-ઉત્તરનો ભાગ પણ સમાવિષ્ટ છે. જો તમારા વધારાના પ્રશ્નો હોય તો 416-338-2010 પર ફોન કરો અથવા accesstoronto@toronto.ca પર ઇ-મેલ કરો.

વેપારોને મદદ કરવા ટોરાન્ટો કેટલાક પગલાં લે છે, તેનાથી પરિચિત થવા માટે પણ તમને આમંત્રણ આપવામાં આવે છે, જેમકે સાથના બ્રોશર *ટોરાન્ટો હેલ્પ્સ બિઝનેસ* માં વર્ણિત છે.

લિખતન,

Geoff Rathbone
General Manager
Solid Waste Management Services

Michael Williams
General Manager
Economic Development, Culture & Tourism

સંલગ્ન (બે પોસ્ટકાર્ડ સાઇન અને બ્રોશર)

**ટોરાન્ટોના નવા પ્લાસ્ટિક શોપિંગ બેગ બાય-લો વિષે સવાલ?**

**ફોન કરો 416-338-2010** www.toronto.ca/5centbag